# ગાંધીનગરની પ્રથમ ૧૦૦ બેડની

# 'મલ્ટી સ્પેશ્યાલીટી' ગોએન્કા હોસ્પીટલ ખુલ્લી મુકાઈ




બીઈએસ તરીકે પ્રચલિત મોલારામ એજ્યુકેશન સોસાયટીની થાપના વર્ષ ૨૦૦૩માં કરવામાં ાવીત હતી, જેમાં સામાન્ય લોકોને ોસાય તેવી કિંમતે સારવાર ાપવાનો હેતુ રાખવામાં આવ્યો છે. ેણે આજે મલ્ટી સ્પેશ્યાલીટી ગોએન્કા હોસ્પીટલના ઉદ્ઘાટનની ઘોષણા કરી હતી અને હવે આ ડોસ્પીટલ ગાંધીનગર જિલ્લા સહિત ગુજરાતના લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પીટલ દ્વારા ગાંધીનગર અને તેની આસપાસના ગામોના લાખો લોકોને તબીબી સુવિધાઓ પુરી પાડશે.

૧૦૦ પથારીની અલ્ટ્રા મોર્ડન હોસ્પીટલમાં 'હિલિંગ લાઈવ્ઝ' સૂત્ર સાથે કામગીરી હાથ ધરાઈ છે. જે માત્ર આસપાસના વિસ્તારોને માત્ર તબીબી સુવિધા જ નહીં પરંતુ અન્ય માધ્યમો દ્વારા પણ તેમના ચહેરાઓ ઉપર સ્મીત લાવશે. આ હોસ્પીટલમાં અત્યાધુનિક આધુનિક ઉપકરણો જેવા કે કલર ડોપલર, ૨ ડી ઈકો અને કોમ્પ્યુટરાઈઝ એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરી જેમ કે ઉચ્ચ કક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોલોજી, માઈક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજીનો સમાવેશ થાય છે.ગોએન્કા હોસ્પીટલના અધ્યક્ષ શ્રી અપૂર્વ ગોએન્કાએ જણાવ્યું કે, 'ગોએન્કા' હોસ્પીટલ હંમેશા સમાજને સમર્પિત રહીને કામગીરી આગળ વધારે છે. તેના દ્વારા નિયમિત રીતે દુરના ગામોમાં તબીબી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. મેડીકલ કેમ્પોમાં હોસ્પીટલના ડોક્ટરો દ્વારા મફત દવાઓ પણ ગરીબો અને જરૂરિયાતમંદ લોકોને આપવામાં આવે છે. આ હોસ્પીટલ એવી એક હોસ્પીટલ છે જેમાં લોહીના સ્ટોરેજની પણ સુવિધા છે.જ્યારે ગોએન્કા હોસ્પીટલના ડીએમએસ ડો. ગુપ્તાએ જણાવ્યું હતું કે હવે ગાંધીનગરના લોકો અને તેની આસપાસના ગામોના લોકોએ કોઈપણ સ્વાસ્થ્ય સમસ્યા માટે અમદાવાદ દોડવું નહીં પડે. ગોએન્કા હોસ્પીટલ એ એક મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ છે અને તેમાં કોઈપણ પ્રકારની સર્જરી અમદાવાદની હોસ્પીટલો કરતાં ઓછા દરે થઈ શકે છે. તેના કારણ દર્દીઓ અને તેમના પરિવારજનો પર આર્થિક ભારણ ઘટશે અને તેમના ચેહરા પર સ્મતિ જોવા મળશે.

ગોએન્કા હોસ્પીટલમાં બે પ્રકારના આઈસીયુ છે, જેમાં એક મેડિકલ આઈસીયુ ૯ પથારી સાથે અને અન્ય એક સર્જીકલ આઈસીયુ છે જેમાં ૮ પથારી છે. આ બંને આઈસીયુમાં અત્યાધુનિક ઉપકરણો મૂકવામાં આવેલા છે. જ્યારે ઓપરેશન થિયેટરમાં તમામ મેજર સર્જરીની સુવિધા છે.ગોએન્કા હોસ્પીટલના એક્ઝી. ડિરેક્ટર શ્રી એન. કુમારસ્વામીએ કહ્યું હતું કે અમારૂં ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ ૪ કેઝ્યુલીટી પથારી ધરાવે છે. ૩૬૫ દિવસ તે કાર્યરત હોય છે. તેનો સ્ટાફ તાલિમબદ્ધ અને ઉપકરણોથી સજ્જ રહીને કોઈપણ મેડીકલ ઈમર્જન્સી માટે તૈયાર રહે છે. ઓપરેશન થિયેટર પણ વોર્ડની અંદર બનાવાયેલ છે જેથી તાત્કાલિક સર્જરી વેળાએ સમયનો સહેજ પણ બગાડ થતો નથી.

સામાન્ય એમ્બ્યુલન્સ ઉપરાંત અહીં આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની પણ સુવિધા છે. જેમાં પણ ટેલીમેડિસીનની સુવિધાઓ પણ છે. તેના દ્વારા અમે એમ્બ્યુલન્સમાં જ પ્રાથમિક સારવાર આપી શકીએ છીએ. જેથી કટોકટીપૂર્ણ સ્થિતિ ધરાવતા દર્દીને રાહત મળી શકે છે. આ ઉપરાંત એમ્બ્યુલન્સમાં રહેલ ડોક્ટર હોસ્પીટલમાં બેઠેલા ડોક્ટરને સમયસર માહિતી આપી શકે છે. આ પ્રકારની સુવિધાઓ દ્વારા સમયસર કિંમતી જીંદગી બચાવી શકાય છે.

ગોએન્કા હોસ્પીટલ દ્રઢપણે 'સેવ ધ ગર્લ ચાઈલ્ડ' કાર્યક્રમને અનુસરે છે. તેને માટે ખાસ સેમીનારનું ગામોમાં આયોજન કરવામાં આવે છે. તેમાં અમે ગામોમાં રહેતા વૃદ્ધ લોકોની સાથે વાતચીત કરીને તેમને દીકરીની મહત્તા સમજાવીને કન્યા ભ્રુણ હત્યાનો દર અટકાવવા મદદરૂપ થઈ શકાય છે. આ ઉપરાંત અનેક શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરી લોકોને સ્વસ્છતા કેળવવા જાણકારી હોસ્પીટલના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા પૂરી પાડવામાં આવે છે.